સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

01-07-2025 MIDDAY: 2.30 TO 2.35

TUESDAY

REGIONAL NEWS

## AROGYA SAMIKSHA KENDRA

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલના હસ્તે આજે ગાંધીનગરમાં આરોગ્ય સમીક્ષા કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ કેન્દ્રની સ્થાપનાથી આરોગ્ય વિષયક સેવાઓ, યોજનાઓ અને કાર્યક્રમોની સર્વગ્રાહી સમીક્ષા અને મૂલ્યાંકન એક જ સ્થળે શક્ય બનશે.

આરોગ્યસમીક્ષા કેન્દ્રથી જ PMJAY હેલ્પલાઈન નંબર કાર્યરત થશે. આરોગ્યલક્ષી કાર્યક્રમોની સમીક્ષા કરવા સંકલિત ડિજિટલ ડેટાબેઝ અને ડેશબોર્ડની વ્યવસ્થા કરવામાં આવી છે.

આરોગ્ય સચિવ ધનંજય દ્વિવેદીએ આ અંગેની વધુ માહિતી આપીઃ

. . . . . . . . . . . . .

## JAN SURAKSHA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગરથી જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાનની શરૂઆત કરાવી હતી. કેન્દ્ર સરકારના નાણાં વિભાગ દ્વારા કેન્દ્ર સરકારની નાણાંકીય યોજનાઓનો લાભ લોકો સુધી પહોંચાડવા આ અભિયાન દેશભરમાં ૧ જુલાઈથી ૩૦ સપ્ટેમ્બર સુધી યોજાશે.

આ અભિયાન હેઠળ પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજના, પુખ્ત વયના લોકો માટે જન ધન ખાતા ખોલાવવા, હાલના જન ધન ખાતાઓ માટે ફરીથી KYC પૂર્ણ કરવું અને ડીજીટલ છેતરપિંડી જેવા વિષયોને આવરી લેવામાં આવશે.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ વીમા સુરક્ષા યોજનાના લાભાર્થીઓને બે લાખ રૂપિયાનાં મૃત્યુ સહાય ચેક અને જનધન યોજનાની પાસબુકનું વિતરણ કર્યું હતું.

આ પ્રસંગે નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ અને મુખ્યસચિવ પંકજ જોષી ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . .

## RAIN

આજે સવારના છ વાગ્યાથી બપોરના 12 વાગ્યા સુધીમાં રાજ્યનાં 32 તાલુકામાં વરસાદ પડ્યો છે. સૌથી વધુ બે ઈંચ વલસાડ જિલ્લાના કપરાડામાં, જ્યારે ડાંગ જિલ્લાના સુબીર અને તાપી જિલ્લાના કુકરમુંડામાં પોણો ઈંચ વરસાદ નોંધાયો છે.

તાપી જિલ્લાના અમારા પ્રતિનિધી નિરવ કંસારા જણાવે છે કે, જિલ્લામાં રાત્રિ દરમ્યાન પડેલા વરસાદ વચ્ચે નદી નાળામાં પાણીની ભરપૂર આવક થઈ છે અને નીચું સ્તર ધરાવતા પુલો પાણીમાં ગરકાવ થઈ

ગયા છે. ઉકાઈ ડેમની સપાટી 318.89 ફૂટ પહોંચી છે. ડેમમાં પાણીની આવક 33,368 ક્યુસેક અને જાવક 800 ક્યુસેક છે. ડેમની ભયજનક સપાટી 345 ફૂટ છે.

વ્યારા તાલુકાના ભાનાવાડીથી ખુશાલપુરા તરફ જતો માર્ગ પાણીમાં ગરકાવ થયો છે. જિલ્લામાં કુલ 13 માર્ગ પર પાણી ફરી વળતા લોકોને અવરજવર કરવામાં મુશ્કેલી પડી રહી છે. વ્યારા તાલુકાના 8, ડોલવણ તાલુકાના 2 અને સોનગઢ તાલુકાના 3 માર્ગ બંધ હાલતમાં છે.

મહિસાગર જિલ્લાના પ્રતિનિધિ કૌશિક જોશી જણાવે છે કે, પાનમ ડેમ ની જળ સપાટીમાં ધરખમ વધારાને પગલે એલર્ટ જાહેર કરવામાં આવ્યો છે. ઉપરવાસમાં પડી રહેલાં સતત વરસાદને પગલે ડેમમાંથી પાણી છોડવામાં આવ્યું છે. પાનમ ડેમમાંથી 9,968 કયુસેક પાણી પાનમ નદી માં છોડવામાં આવ્યું છે, જેને પગલે જીલ્લાના નદી કાંઠાના 22 ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે.

. . . . . . . . . . . .

## HARSH SANGHVI TWEET

સ્વિટ્ઝર્લેન્ડમાં એસોસિએશન ઑફ્ નેશનલ ઓલિમ્પિક કમિટીઝની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઇ હતી. રાજ્યના ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં આગામી વિવિધ કાર્યક્રમોની ચર્ચા કરવામાં આવી. આ બેઠકમાં ભારતની રમતગમત સચિવ પીટી ઉષા, ACS સ્પોર્ટ્સ ગુજરાત અને ACS અર્બન ગુજરાત સહિત ઉપસ્થિત રહ્યા હતા. રમતગમતના ભવિષ્યને સાથે મળીને ઘડવા અને સહયોગ કરવાની આ એક ઉત્તમ તક હોવાનું શ્રી સંઘવીએ જણાવ્યું હતું..

.........................................

## RAILWAY FARE

રેલવે મંત્રાલયે પ્રવાસી રેલવે સેવા ભાડામાં આજથી ફેરફાર લાગૂ કર્યા છે. નૉન-ઍસી મૅલ અને ઍક્સપ્રેસ રેલગાડીઓના ભાડામાં સામાન્ય વધારો કરાયો છે. પ્રતિ કિલોમીટર એક પૈસા અને પહેલી શ્રેણીમાં બે પૈસા પ્રતિ કિલોમીટર ભાડું વધારવામાં આવ્યું છે. જ્યારે દ્વિતીય શ્રેણીમાં 500 કિલોમીટર સુધીના પ્રવાસ માટે ભાડામાં કોઈ વધારો નથી કરાયો.

મંત્રાલયે જણાવ્યું, ઉપનગરીય સિંગલ જર્ની ભાડા અને માસિક સીઝન ટિકિટમાં પણ કોઈ વધારો નથી કરાયો. આજથી પહેલા બુક કરાયેલી ટિકિટો પર ભાડામાં વધારો લાગુ થશે નહીં. જ્યારે રિઝર્વેશન ફી, સુપરફાસ્ટ ચાર્જ અને અન્ય ચાર્જમાં પણ કોઈ ફેરફાર નહીં કરાય. તો રાજધાની, શતાબ્દી, દુરન્તો, વંદે ભારત અને તેજસ જેવી વિશેષ રેલ સેવાઓ પર પણ ભાડામાં ફેરફાર લાગુ થશે.

રેલવે મંત્રાલયે જણાવ્યું, આ પગલાનો ઉદ્દેશ રેલવે ભાડાને તર્કસંગત બનાવવા અને મુસાફરોની સેવાઓ માટે ભંડોળ વધારવાનો છે.

...............................

SMALL SCALE INDUSTRY

લઘુ ઉદ્યોગ ભારતીના સૌરાષ્ટ્ર પ્રાંતના પ્રમુખ તરીકે સતત બીજી ટર્મમાં દિનેશભાઈ ડાંગરિયાની વરણી કરવામાં આવી છે. શ્રી ડાંગરિયા છેલ્લા બે વર્ષથી જામનગરના ઉદ્યોગકારોના પ્રશ્નને વાચા આપે છે. તેમને વર્ષ 2025 થી 2027 માટે અમદાવાદ ખાતે આયોજિત અખિલ ભારતીય બેઠકમાં સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

. . . . . . . . . . . .

VYARA CURRENT DEATH

વ્યારા તાલુકાના જેસીંગપુરા ગામના ગોદી ફળિયામાં કપડાં સુકવવા જતા કરંટ લાગતા માતા અને પુત્રીનાં મૃત્યુ નીપજ્યા છે. જેસીંગપુરા ગામના 58 વર્ષીય કૈલાશબેન ગામીત અને 35 વર્ષીય ધનગૌરીબેન ગામીતનાં મોતથી ગામમાં શોકની લહેર ફરી વળી છે.

પોલીસે આકસ્મિક મોતનો ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.

. . . . . . . . . .